Old C. C. NO. 3132/2009
New CC No.803132/2009

*કેસ દાખલ કર્યા તારીખ : ૩૧/૩/૨૦૦૯*

*કેસ રજીસ્ટરે લીધા તારીખ : ૩૧/૩/૨૦૦૯*

*કેસ ફેસલ કર્યા તારીખ : ૨૨/૧/૨૦૧૮*

*સમય ગાળો : ૦૮ ૦૯ ૨૨*

*વર્ષ માસ દિવસ*

**અમદાવાદના એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૮) ની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

**જુના ફો. કેસ નં. ૩૧૩૨/૨૦૦૯**
**નવા ફો.કેસ નં.૮૦૩૧૩૨/૨૦૦૯**
**આંક – <u>૨૫</u>**

કેતન અનિલકુમાર મહેતા, ઉ.વ.૪૦,

ફુડ ઈન્સ્પેકટર, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન. . . . . ફરીયાદી.

વિરૂધ્ધ

ધુલસિંહ દોલતસિંહ સિસોદીયા, ઉ.વ.૩૦, રહે.૨૪, આશીર્વાદ નગર,

નિકોલ રોડ, ભારવી ટાવર, અમદાવાદ તથા જય વાળીનાથ દુગ્ધાલય,

૧૦, સદાશીવ શોપીંગ સેન્ટર, વિરાટનગર, અમદાવાદ. . . . . આરોપી

**<u>ચાર્જ :–</u>** <u>ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમની કલમ ૭ (૧) ના ભંગ બદલ એટલે કે ભેળસેળવાળા ખાદ્ય પદાર્થના વેચાણ બદલ કલમ – ૧૬ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ.</u>

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ. આર. ખંધાર.**
**આરોપી સામે ક્રિ.પ્રો.કોડ કલમ ૨૯૯ તથા ૩૫૩ (૬) હેઠળ**

---

**<u>–: ઠ રા વ :–</u>**

**(એ) <u>જરૂરી કાયદાકીય અવલોકન :–</u>**

**(એ–૧)** સદર કામે ચુકાદો લખવા તરફ આગળ વધતા પહેલા એ બાબત નોંધવાની અદાલતને ફરજ પડેલ છે કે સદર કેસમાં આરોપી અમદાવાદના જ છે, તેઓએ નમુનો આપતા સમયે ફરીયાદીને જામીન ખત ભરી આપેલ છે, જેમાં તેઓનું સરનામું છે, ફરીયાદ દાખલ થયા બાદ આરોપી ને કલમ ૧૩ (૨) ની નોટિસ

મોકલાવેલ, જે કવર " નોટ નોન " ના શેરા સાથે પરત આવેલ છે. જેનો પુરાવો આંક – ૧૨ થી રજુ છે. તેઓ અદાલતમાં હાજર થયેલા નથી. આરોપી ઉપર વારંવાર સમન્સ વોરંટ ઈસ્યુ કરવા છતાં પોલીસ તેને પકડીને અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી.

**(એ–૨)** આ અદાલત દ્વારા આ અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોમાં આરોપીઓને અદાલત સમક્ષ હાજર થવાનું એક સંયુકત જાહેર નામું કમ જાહેર નોટિસ તા.૫/૫/૨૦૧૭ ના દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપર તથા તા.૬/૫/૨૦૧૭ ના સંદેશ તથા તા.૧૦/૫/૨૦૧૭ ના ગુજરાત સમાચાર ન્યુઝ પેપર્સમાં આરોપીઓના નામ સરનામા કેસ નંબર વગેરે તમામ વિગતો સાથે ગુજરાતના ખુણે ખુણેની આરોપીઓને આ અદાલતમાં હાજર થવા ફરમાન કરી દીધેલ અને તેઓના જામીનોને આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી આપવા અન્યથા કાયદા મુજબ આગળ કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવશે તેવી સુચના આપી દીધેલ. તેમ છતાં હાલના આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી. આ અદાલતે ફરીથી તા.૧૧/૧૦/૨૦૧૭ ના રોજ ન્યુઝ પેપર ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, ન્યુઝ લાઈન્સ, સીધ્ધા સમાચાર આમ કુલ ચાર વર્તમાનપત્રમાં આરોપીઓને હાજર થઈ જવા છેલ્લી તાકીદ કરી દેવામાં આવેલ છે. તેમ છતાં હાલના આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી.

**(એ–૩)** હવે અદાલત સમક્ષ પ્રશ્ન એ રહેલો કે કેસ સને ૨૦૦૯ નો છે, આરોપીએ પોતે આપેલા સરનામાએ પણ જો તેઓને કોઈ ઓળખતું ન હોય, આરોપી અદાલતમાં હાજર થઈ નાશી જાય, તો તેનો સ્પષ્ટ અર્થ છે કે આરોપીએ કેસની કાર્યવાહીથી છટકવા કાં તો પોતાનું સાચું સરનામું આપેલ નથી અથવા જાણી જોઈને પોતે પોતાની સામેની કાર્યવાહીથી લપાતા છુપાતા ફરે છે. અવા સમયે શું અદાલત પાસે જયાં સુધી ફરીયાદીનું મરણ ન થાય કે ફરીયાદી પુરાવો આપવા અસમર્થ ન બને ત્યાં સુધી કેસને એબેટ કરવા સીવાયનો કોઈ વિકલ્પ નથી ?

વળી જયારે અદાલતે ન્યુજ પેપર્સમાં જાહેર નોટિસ અને જાહેરનામું છપાવેલ છે ત્યારે બીજો પ્ર શ્ન એ પણ ઉઠેલ કે જયારે આરોપીને પોતાની સામે ગુન્હા સબબ કોર્ટમાં કામ ચાલુ છે તેવી જાણ હોવા છતાં તેઓ દેશ છોડીને નાશી જાય, દેશમાં જ લપાતા–છુપાતા ફરે, તેવા સંજોગોમાં જયાં સુધી આરોપીની ઈચ્છા અદાલતમાં હાજર થવાની ન થાય ત્યાં સુધી કેસને અંતિમ નિર્ણય સુધી લઈ જવાનો અદાલત પાસે કોઈ રસ્તો જ નથી ? શું અદાલતો આરોપીઓની ઈચ્છા અને મહેરબાનીને આધીન ચાલે છે ? જયાં સુધી આરોપીની ઈચ્છા ન થાય અને તેઓ અદાલતમાં નિયમીત હાજર રહેવાની મહેરબાની ન કરે ત્યાં સુધી તેની સામેના કોઈપણ ગુન્હાના કેસને અંતિમતા આપવાની ક્ષમતા કાયદામાં નથી ?

**(એ–૪)** સદર પ્રશ્નોના જવાબો એક સમાન્ય માનવીની દ્રષ્ટિથી પણ વિચારવામાં આવે તો તેનો જવાબ એ હોઈ શકે "કોઈપણ દેશના કાયદા અને અદાલતો એટલા મજબુર ન હોઈ શકે કે જે આરોપી અદાલત સમક્ષ હાજર થાય છે તેને ગુન્હેગાર ઠેરવવા કાર્યવાહી કરવા સક્ષમ હોય અને જે આરોપીઓ અદાલતની પકડમાંથી યેનકેન પ્રકારે વર્ષો સુધી છટકી જાય છે તેઓ અદાલતમાં ચાલતી કાર્યવાહીઓમાંથી છટકી મુકત રીતે પોતાનું

જીવન પુરી કરી નાંખે છે અને અદાલતો મજબુર બની હાથ જોડીને બેસી રહે."

**(એ–૫)** સદર પ્રશ્નોના જવાબો કાયદામાં શોધવામાં આવે તો આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવા માટેની જોગવાઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૯૯ માં આપવામાં આવેલ જ છે. તેવી જ જોગવાઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૫૩ (૬) માં પણ આપવામાં આવેલ છે કે અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકશે.

**(એ–૬)** હવે પ્રશ્ન એ ઉઠે કે આરોપીને તેની સામે મુકવામાં આવેલ તહોમત કે ફરીયાદનો જવાબ આપવાની તક ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ અથવા કલમ ૨૪૬ હેઠળ આપવી જોઈએ અને અને કલમ ૩૧૧ મુજબ આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા બાબતે પણ આરોપીની ખુલાસો નોંધવો જોઈશે. પરંતુ જયારે આરોપી જ અદાલત સમક્ષ હાજર થવા તૈયાર ન હોય તેવા સમયે ગંભીર પ્રકારના ગુન્હામાં પણ આ જોગવાઈ જે આરોપીને તક આપી તેનો જવાબ લેવાની તેને રક્ષણાત્મ જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે તેનો આરોપી હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને એક બૂંઠૂં હથીયાર બનાવવા માંગે તો પણ અદાલત આરોપીની રાહ જોઈ કેસને ટ્રાયલ ચલાવ્યા વગર ફેંકી દેવા મજબુર છે ? એક સમાન્ય માનવી તરીકે કે કાયદાના નિશ્ણાંત તરીકે પણ આ પ્રશ્ન વિચારવામાં આવે તો તેમાં કયાંય એવું નથી કે જયારે આરોપી કેસની ટ્રાયલ ચાલુ હોવાની જાણ હોવા છતાં અદાલત સમક્ષ આવવા તૈયાર ન હોય તો આરોપીની દયા ઉપર કેસની ટ્રાયલ મુલત્વી રહે અને અદાલત આરોપીઓની દયા ઉપર પોતાની કાર્યવાહી ચલાવવા મજબુર બને.

**(એ–૭)** જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે તેની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. આવા તબકકે તેઓ અદાલતમાં હાજર થવા જ તૈયાર ન થાય અને પોલીસ મશીનરી તેને શોધી ન શકે તો આવા આરોપીને કાયદાની પકડમાંથી છોડી દઈને કેસમાં આરોપી કે ફરીયાદના મરણના કારણે કેસ એબેટ ન થાય ત્યાં સુધી રાહ જોવાની સ્થિતી કાયદાની અદાલતો અપનાવી ન શકે. જો આવી રીતો અપનાવવામાં આવે તો તમામ આરોપી માટે કાયદાની પકડમાંથી આબાદ છટકવાનો આ સરળ રસ્તો બની જશે. તે ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ પોતાના તાજેતરના સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૨૦૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ તથા ૩૫૩ (૬) નો આશરો લઈ જુના કેસો પુર્ણ કરવાનો આદેશ આપેલ છે.

**(એ–૮)** તેથી અદાલતે ચોકકસ હુકમ પસાર કરી તેઓને ફરારી જાહેર કરેલા છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૨૦૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ મુજબ કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

**(એ–૯)** વળી આ બાબતને નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના Sharad Jethalal Savla vs. State of Gujarat and others in Criminal Miscellaneous Application No.19862 of 2015 decided on 14th November 2016 ના ચુકાદાથી પણ સમર્થન મળે છે. તેથી

તમામ કાયદાકીય જોગવાઈઓ અને કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કેસમાં આરોપી ભલે પોતાની સામેની ફરીયાદ કે તહોમતનો ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ અથવા ૨૪૬ મુજબના જવાબો આપવા કે કલમ ૩૧૩ મુજબના જવાબો નોંધાવા હાજર થયેલા ન હોય તેમ છતાં તેની સામે ચુકાદો જાહેર કરવો વ્યાજબી જણાતો હોય નીચે મુજબનો ચુકાદો આગળ લખવામાં આવેલ છે.

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી બનાવ સમયે મ્યુનીસીપલ કોર્પોરેશન માં ફુડ ઈન્સ્પેકટર તરીકે નોકરી કરતા હતા. તા.૩૦–૮–૨૦૦૮ ના સવારે ૯–૦૦ કલાકે ફરીયાદીએ આરોપી પાસેથી ઘીની ખરીદી કરેલ. સદર ઘીને પબ્લીક એનાલીસ્ટને ચકાસણી માટે મોકલતા ઘીમાં બી.આર.રીડીંગ એટ ૪૦ં સે.એ. ૪૦ થી ૪૩.૫ હોવા જોઈએ તેના બદલે ૪૫.૭ છે તેમજ આર.એમ.વેલ્યુ ઓછામાં ઓછી ૨૪.૦ હોવી જોઈએ તેના બદલે ૧૫.૫૭ છે તેમજ એડેડ કલરીંગ મેટર એબસન્ટ હોવી જોઈએ તેના બદલે હળદર ભેળવેલ છે તેમજ ટેસ્ટ ફોર ટર્મેરીક નેગેટીવ હોવો જોઈએ તેના બદલે પોઝીટીવ હોવાનો રીપોર્ટ આવેલ જેથી આરોપી ઉપર ફરીયાદીએ ભેળસેળવાળા ખાદ્યપદાર્થના વેચાણ બદલ ખોરાક ભેળસેળ નિવારણ ધારાની કલમ ૭ (૧) ના ભંગ બદલ કલમ ૧૬ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હા સબબ હાલની ફરીયાદ દાખલ કરેલ.

**(૨)** સદર ફરીયાદ રજીસ્ટરે લીધા બાદ પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની કલમ ૧૩ (૨) મુજબ આરોપીને તેના નમુનાનું શું પરીણામ આવેલ છે અને તેને પોતાનો નમુનો ફેરચકાસણી માટે મોકલવાનો છે ? તેવી જાણ કરતી એલ.એચ.એ. મારફત નોટિસ તથા તેના સાથે પબ્લીક એનાલીસ્ટનો રીપોર્ટ તથા રજીસ્ટર્ડ એ.ડી. પોષ્ટથી મોકલવામાં આવેલ. જે કવર " નોટ નોન " ના શેરા સાથે પરત આવેલ છે. જેનો પુરાવો આંક – ૧૨ થી રજુ છે. આરોપી ઉપર વારંવાર સમન્સ વોરંટ ઈસ્યુ કરવા છતાં પોલીસ તેને પકડીને અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી.

**(૩)** પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટનો હેતુ જોવામાં આવે તો પ્રથમ પ્રશ્ન એ ઉઠે કે ખાદ્ય ભેળસેળ અધીનિયમન, ૧૯૫૪ નો ઉદગમ શા માટે થયેલ છે ? કાયદાને અમલમાં લાવવાનો હેતુ શો છે ? તેની ચર્ચા કરવી અધીક મહત્વની છે. આ ચર્ચા બે વિભાગમાં કરવી જરૂરી છે.

એ. પ્રથમ વિભાગ – પ્રથમ વિભાગ કે જેમાં કાયદો અમલમાં લાવેલ તેના આમુખમાં જે ઉદ્દેશો છે અથવા કાયદાનું લોકાર્પણ કરતા સમયે જે વિચારો – વિવેચનો રજુ કરવામાં આવેલા તેના સંદર્ભે ચર્ચા કરવામાં આવશે.

બી. બીજો વિભાગ – બીજો વિભાગ કે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના વિવિધ ચુકાદાઓ દ્વારા સદર કાયદાનો અમલ કેવી રીતે કરવાનો છે અને કાયદાનું અર્થઘટન કયા સંદર્ભમાં કરવાનું છે તથા તે માટે જે પ્રકારનો ઈતિહાસ પોતાના બહુમુલ્ય શબ્દો દ્વારા પુરો પાડેલ છે તેના સંદર્ભે ચર્ચા કરવામાં

આવશે.

## એ. પ્રથમ વિભાગ

**(એ–૧)** જો સદર કાયદાના મુખ્ય ઉદ્દેશોની ચર્ચા કરવામાં આવે તો નીચે મુજબના મહત્વના ઉદ્દેશ જણાઈ આવે છે.

૧. જાહેર જનતાનો હાનીકારક અને ઝેરી ખોરાકથી બચાવ કરવો.

૨. નિયત ધોરણો મુજબનો ન હોય તેવા ખોરાકનું વેચાણ અટકાવવું.

૩. કપટી પધ્ધતીઓ દુર કરી ગ્રાહકોના હિતનું રક્ષણ કરવું.

**(એ–૨)** જયારે ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ ૧૯૫૪ નું ઘડતર કરવામાં આવેલ તે સમયે તેની ઓળખ કંઈક આવા શબ્દોમાં આપવામાં આવેલી. " ખોરાક એ જીવન નિર્વાહ માટેની મુળભુત જરૂરિયાત છે. શુધ્ધ, તાજો અને તંદુરસ્ત ખોરાક લોકોના આરોગ્યની સૌથી મહત્વની જરૂરીયાત છે. એવું કહેવામાં આવે તો કોઈ અજાયબી નથી કે પ્રજાનું આરોગ્ય એ રાષ્ટ્રની સંપતિ છે. ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ એટલી વ્યાપક, પ્રબળ અને સતત હતી કે કોઈ ટુંકાગાળાના ઉપાય નહી પરંતુ સખત કાયદાનો અમલ એ સમયની વ્યાપક જરૂરીયાત બની ગયેલી. આ પ્રકારના સમાજ વિરોધી તત્વોની તપાસ કરવા સંયુકત અને નિયત આક્રમણકારી પગલા સ્વરૂપે સરકાર દ્વારા ગ્રાહકો માટે આશા અને રાહતના યુગના આગમન સમાન ખોરાક ભેળસેળ અધીનિયમ બીલનો સંસદમાં પરીચય કરાવવામાં આવેલો."

**(એ–૩)** સર્વોચ્ચ અદાલતે પોતાના વિવિધ ચુકાદા દ્વારા શુધ્ધ ખોરાક મેળવવાના અધીકાર ને બંધારણના આર્ટીકલ ૨૧ થી મળેલ માનવિય ગૌરવ સાથે જિવન જીવવાના અધીકાર સાથે સાંકળી લેવામાં આવેલ છે. તથા આર્ટીકલ ૪૭ દ્વારા રાજય ઉપર પ્રજાના સ્વાસ્થ્યના સંવર્ધનની જે જવાબદારી સોંપવામાં આવેલ છે તેના અનુલક્ષમાં ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ એ ભારતીય બંધારણ દ્વારા ભારતમાં રહેતા લોકો પછી તે ભારતીય નાગરીક હોય કે ન હોય તેને આપવામાં આવેલ અનુચ્છેદ ૨૧ ની ખાત્રીનું સમર્થન કરતો કાયદો છે.

## બી. બીજો વિભાગ

**(બી–૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના વિવિધ ચુકાદામાં સદર કાયદાના ચુસ્ત પાલન અંગે અને સદર કાયદાના અર્થઘટન બાબતે શું કહેલ છે તે જોવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલત પોતાના ઈશરદાસ વિ. સ્ટેટ ઓફ પંજાબના એ.આઈ.આર. ૧૯૭૨ સુપ્રિમ કોર્ટ ૧૨૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં કંઈક આ પ્રકારના શબ્દો વાપરેલા છે. "ખોરાકમાં ભેળસેળ એ જાહેર આરોગ્ય માટે જોખમ છે. ખાદ્ય ભેળસેળ નિવારણ અધિનીયમને સમાજ વિરોધી અનિષ્ટોને નાબુદ કરવાના અને ખાદ્ય પદાર્થોની શુધ્ધતાની ખાતરી આપવાના હેતુ સાથે ઘડવામાં આવેલ છે."

**(બી–૨)** મ્યુનીસીપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિ. શિવ શંકર ના ૧૯૭૧ (૧) એસ.સી.સી. પાના નં.૪

૪૧ ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દો કંઈક આવા હતા "ભેળસેળ અધિનીમનો ઉદ્દેશ અને પ્રયોજન અનિચ્છનીય ખાદ્ય પદાર્થના વેચાણથી માનવ જિવન અને આરોગ્ય ઉપર ઉદભવતા જોખમને ખત્મ કરવાનો છે."

**(બી–૩)** વળી દયાલસીંઘ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ના ૨૦૦૪ (૫) એસ.સી.સી. પાના નં.૪૨૧ ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દો કંઈક આવા છે. "ખાદ્ય ભેળસેળ નિવારણ અધિનિયમ અને તેના હેઠળ ઘડવામાં અવેલા નિયમોનું સખત પાલન એ ખાદ્ય પદાર્થના ઉપભોગકર્તાની સુરક્ષા માટે આવશ્યક છે. જો આરોપી છટકી જાય તો કડક કાયદાનો કોઈ અર્થ નથી."

**(બી–૪)** નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના પ્રેમ બલ્લભ વિ. સ્ટેટ (એડમીનીસ્ટ્રેશન ઓફ દિલ્હી) એ.આઈ.આર. ૧૯૭૭ એસ.સી. ૫૬ ના ચુકાદામાં તો કંઈક આવા શબ્દોનું પ્રયોજન કરેલ છે – "સમાજ દ્વારા એવી વ્યકિત માટે કોઈ તક આપી શકાય નહી કે જે પોતાની અસમાજીક પ્રવૃત્તીઓ દ્વારા જે એક આદર્શ વેપારીના મહોરા તળે અસંખ્ય નિર્દોષ ઉપભોગતાઓના આરોગ્ય અને સુખાકારીને જોખમમાં મુકે. ભેળસેળ કરનાર એ સામાજીક જોખમ છે, આવા લોકોને પોતાની અનૈતીક પ્રર્વતીઓ ચાલુ રાખવા માટે છુટા મુકી દેવા એ જોખમકારક બને શકે. ભેળસેળ એ નફાખોરી માટે કરવામાં આવતો આર્થીક ગુન્હો છે અને તેનો ઉપચારાત્મક માવજત દ્વારા સરળતાથી અંત આવવાનો નથી."

**(બી–૫)** ક્રિશ્ન ગોપાલ શર્મા વિ. ગર્વમેન્ટ ઓફ એન.સી.ટી. દિલ્હી ૧૯૯૬ (૪) એસ.સી.સી. પાના નં.૫૧૩ ઉપરના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતના શબ્દો કંઈક આ કક્ષાના છે. "ખાદ્ય પદાર્થ સબંધીત ગુન્હામાં ચુસ્ત જવાબદારી એ નિયમ છે. સામાજિક સુરક્ષા એ વ્યકિતગત સ્વાતંત્ર ઉપર વ્યાજબી રીતે હાવી છે. ખાદ્ય ગુન્હાઓ સબંધે પ્રતિબંધક રીતે કામ પાર પાડવું જોઈએ. જિવનની પ્રાથમિક જરૂરીયાતો જયારે નફાખોરીની વૃત્તી સાથે બનાવટી સંમિશ્રણો સાથે વેંચવામાં આવે ત્યારે ગ્રાહકો, કે જે અન્યથા તો આવા નિતીભ્રષ્ટ વેપારીઓની દયા ઉપર હોય છે, તેના માટે ખાદ્ય ભેળસેળ નિવારણ અધિનિયમ અને અદાલતો એ એક માત્ર રક્ષણ છે. જો અપરાધીઓ છટકી ગયા હશે તો કાયદો તિરસ્કારમાં આવ્યો ગણાશે."

**(બી–૬)** મુરલીધર મેઘરાજ લોયા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટના ૧૯૭૬ (૩) એસ.સી.સી. ૬૮૪ માં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ પ્રકારના શબ્દો વપરાયા છે "એ સાવ સામાન્ય છે કે ખાદ્ય અધિનિયમોના સામાજીક ધ્યેયની અર્થઘટનની પ્રક્રિયાને જાણ કરવી જોઈએ કે જેથી ભેળસેળ કરનાર દરેક ઉપર કાયદાનો ફટકો પડે. કોઈપણ જાતના સાંકળા અને મિથ્યાપાંડીત્ય ધરાવતા શાબ્દિક અથવા લેકીસીકલ અર્થઘટન, કે જે આવી ખતરનાક ગુન્હાહીત જાતી માટે કાયદાના ફાસલામાંથી આબાદ છટકી જવા છટકબારીઓ છોડી જાય, ને પ્રોત્સાહન મળવું જોઈએ નહી. નવા ક્રિમીનલ જયુરીશપ્રુડન્સે જુના સિધ્ધાંતો, કે જે આરોપીની સહાયતા કરતા અનુમાનો અને તરફેણ કરતા અર્થઘટનો દ્વારા આરોપીની સહાય કરી જનતાના સ્વાસ્થ્ય અને દેશની સમૃધ્ધીના સંરક્ષણ માટે બનાવેલા કાયદાઓને હરાવતા હતા, તેવા અર્થઘટનોને તિલાજલી આપવી જ જોઈએ.

**(બી–૭)** નામદાર સર્વોચ્ચ અદાલતની કોન્સ્ટીટયુશન બેન્ચે પ્યારઅલી કે. તેજાની વિ. મહાદેવ રામચંદ્ર ડાંગેના ૧૯૭૪ ક્રિ.લો.જ.૩૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં વિશ્વના કાયદાઓનો અભ્યાસ કરીને કંઈક આ પ્રકારના શબ્દો જાહેર કર્યા છે " ખાદ્ય પદાર્થ સબંધીત ગુન્હામાં ચુસ્ત જવાબદારી એ નિયમ માત્ર ભારતીય કાયદામાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં છે. સામાજિક સુરક્ષા એ વ્યકિતગત સ્વાતંત્ર ઉપર વ્યાજબી રીતે હાવી છે. જો તમે કાયદાની કલમ ૭ ની કોઈપણ પેટા કલમનો ભંગ કરતો કોઈ ખાદ્ય પદાર્થનું વેચાણ કરેલ હોય તો તમે ગુન્હેગાર છો. તેનાથી વિશેષ કોઈ દલીલ નથી. કાયદો ગ્રાહકના સ્વાસ્થ્યને લુંટવા માટે વેપારીનો અધિકાર નકારે છે."

## (૪) <u>ફરીયાદપક્ષનો પુરાવો :–</u>

## (અ) <u>પુરાવનો નોંધવાનો પધ્ધતી બાબતે ચર્ચા :–</u>

ઉપરોકત પેરામાં કરેલ ચર્ચા મુજબ આ કામે આરોપીને ફરારી ઘોષીત કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ હેઠળ પુરાવો નોંધવાનો હુકમ કરેલ હોય, ફરીયાદપક્ષે પોતાનો પુરાવો સોગંદનામાથી રજુ કરવા અરજી આવેલ. તે તબકકે એ પ્રશ્ન ઉઠેલ કે ક્રિમીનલ ટ્રાયલમાં સોગંદનામાથી પુરાવો ? સદર બાબતે ઘણા કાયદાકીય પાસાનો અભ્યાસ કરતા એ બાબત સ્પષ્ટ થયેલ કે પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની કલમ ૧૬ એ માં તો કેસ સમરી ટ્રાયલથી ચલાવવાની પ્રોસીઝર છે. જેમાં માત્ર પુરાવાનું સબસ્ટન્સ જ નોંધવાનું હોય છે. આવા તબકકે જયારે ફરીયાદી કે જે જાહેર અધીકારી છે, તેઓએ કાયદા દ્વારા જાહેર હિતમાં બજાવેલ ફરજને વિસ્તૃતમાં લખીને આપવા તૈયાર છે, કે જેનું રેકર્ડ વર્ષોના વર્ષો શબ્દશઃ સચવાવાનું છે, ત્યારે અદાલતને એક તબકકે હકારાત્મક વલણ અપનાવવાની ઈચ્છા થયેલ. પરંતુ ફરી પ્રશ્ન એ ઉઠેલ કે જો આ પ્રક્રિયા અપનાવવામાં આવે તો તેને કાયદાનું પીઠબળ મળે ? તે પ્રશ્નનો જવાબ નામદાર સર્વોચ્ચ અદાલતના નીચેના બંને ચુકાદાઓ ઉપરથી મળી રહેલ.

1. The State Of Punjab vs Surja Ram on 9 August, 1995 reported in 1995 AIR 2413, 1995 SCC Supl. (3) 419 Division Bench તથા

2. Supreme Court reported at 2016 (3) SCALE 522 <u>Savelife Foundation & Anr. V. UOI & Anr</u>. on 30 March, 2016 Division Bench: V. Gopala Gowda, Arun Mishra

કાયદાની સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં આ અભિગમ માટે હકારાત્મક પીઠબળ જણાતા અદાલતે ફરીયાદીને સોગંદનામા દ્વારા પુરાવો રજુ કરવા પરવાનગી આપેલ. જેના સંદર્ભે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

## (બ) મૌખિક પુરાવો.

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫ | ફરીયાદીની જુબાની. |

## (ક) દસ્તાવેજી પુરાવો.

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨ | પબ્લીક એનાલીસ્ટનો રીપોર્ટ. |
| ૨ | ૬ | ફરીયાદીની નિમણુંકનું ગેઝેટ. |
| ૩ | ૭ | ઈન્ટીમેશન. |
| ૪ | ૮ | પહોંચ. |
| ૫ | ૯ | કેશમેમો. |
| ૬ | ૧૦ | ફોરવર્ડીગ લેટર. |
| ૭ | ૧૧ | પોષ્ટલ રશીદ. |
| ૮ | ૧૨ થી ૧૪ | કવર, રીપોર્ટ, નોટીસ. |
| ૯ | ૧૫ | એલ.એચ.એ.પત્રની નકલ. |
| ૧૦ | ૧૬ | પબ્લીક એનાલીસ્ટની નિમણુંકનું ગેઝેટ. |
| ૧૧ | ૧૭ | પી.એફ.એ.એકટ કલમ – ૨ મુજબનું ગેઝેટ. |
| ૧૨ | ૧૮ | પી.એફ.એ.એકટ કલમ – ૨૦ મુજબનું ગેઝેટ. |
| ૧૩ | ૧૯ | પી.એફ.એ.એકટ કલમ – ૨ અને ૨૦ ના ગેઝેટમાં ભુલ સુધારણા ગેઝેટ. |
| ૧૪ | ૨૦ | ડે. મ્યુ. કમીશનરશ્રી ની નિમણુંકનો હુકમ. |
| ૧૫ | ૨૧ થી ૨૩ | એમ.ઓ.એચ.ની નિમણુંકના દસ્તાવેજ. |

## (૫) દલીલ :–

સદર ફરીયાદ ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ તળેની હોય આ અદાલતનો ચાર્જ સંભાળ્યા બાદ મારી એવી પધ્ધતી રહેલ છે કે ફરીયાદપક્ષના પુરાવામાં જે કાયદાકીય ટેકનીકાલીટીનો ભંગ ઉભરતો હોય તે બચાવપક્ષ લેખિત કે મૌખિક રીતે બતાવે ત્યાર બાદ તે બાબતનો ખુલાસો ફરીયાદપક્ષ પાસેથી લેવામાં આવે તો બચાવપક્ષના દરેક મુદ્દાનો યોગ્ય અને વ્યાજબી નિર્ણય થઈ શકે. પરંતુ હાલના કેસમાં આરોપીપક્ષ હાજર ન હોય કે ફરીયાદી અને તેના સાહેદોની આરોપીપક્ષ દ્વારા કોઈ ઉલટ તપાસ થયેલ ન હોય ફરીયાદી દ્વારા કાયદાની તમામ જોગવાઈઓનું પાલન થયા બાબતે પોતાના પુરાવાની વિસ્તૃત ચર્ચા કરી કાયદાનો અને ચુકાદાઓનો આધાર દર્શાવેલ છે.

(૬) સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરવામાં આવે છે.

**મુદ્દા નં.૧ :** શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આરોપીએ ગઈ તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ ભેળસેળવાળા ઘીનું ફરીયાદી ને વેચાણ કરી ખોરાક ભેળસેળ નિવારણ ધારાની કલમ ૭ (૧) નો ભંગ કરી કાયદાની કલમ ૧૬ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨ :** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : હકારાત્મક

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) <u>સંલગ્ન કાયદાકીય જોગવાઈઓ :–</u>

**<u>Prevention of Food Adulteration Act, 1954.</u>**

**<u>(A) Section 2 Definition -</u>**

(ia) "adulterated"—an article of food shall be deemed to be adulterated—

(a) if the article sold by a vendor is not of the nature, substance or quality demanded by the purchaser and is to his prejudice, or is not of the nature, substance or quality which it purports or is represented to be;

(b) if the article contains any other substance which affects, or if the article is so processed as to affect, injuriously the nature, substance or quality thereof;

(c) if any inferior or cheaper substance has been substituted wholly or in part for the article so as to affect injuriously the nature, substance or quality thereof;

(d) if any constituent of the article has been wholly or in part abstracted so as to affect injuriously the nature, substance or quality thereof;

(e) if the article had been prepared, packed or kept under insanitary conditions whereby it has become contaminated or injurious to health;

(f) if the article consists wholly or in part of any filthy, putrid, 3[***], rotten, decomposed or diseased animal or vegetable substance or is insect-infested or is otherwise unfit for human consumption; 1[***], rotten, decomposed or diseased animal or vegetable substance or

is insect-infested or is otherwise unfit for human consumption;"

(g) if the article is obtained from a diseased animal;

(h) if the article contains any poisonous or other ingredient which renders it injurious to health;

(i) if the container of the article is composed, whether wholly or in part, of any poisonous or deleterious substance which renders its contents injurious to health;

(j) if any colouring matter other than that prescribed in respect thereof is present in the article, or if the amounts of the prescribed colouring matter which is present in the article are not within the prescribed limits of variability;

(k) if the article contains any prohibited preservative or permitted preservative in excess of the prescribed limits;

(l) if the quality or purity of the article falls below the prescribed standard or its constituents are present in quantities not within the prescribed limits of variability, but which renders it injurious to health;]

(m) if the quality or purity of the article falls below the prescribed standard or its constituents are present in quantities not within the prescribed limits of variability but which does not render it injurious to health: Provided that, where the quality or purity of the article, being primary food, has fallen below the prescribed standards or its constituents are present in quantities not within the prescribed limits of variability in either case, solely due to natural causes and beyond the control of human agency, then, such article shall not be deemed to be adulterated within the meaning of this sub-clause.

Explanation.—Where two or more articles of primary food are mixed together and the resultant article of food—

(a) is stored, sold or distributed under a name which denotes the ingredients thereof; and

(b) is not injurious to health, then, such resultant article shall not be deemed to be adulterated within the meaning of this clause;

(ix) “misbranded”— an article of food shall be deemed to be misbranded—

(a) if it is an imitation of, or is a substitute for, or resembles in a manner likely to deceive, another article of food under the name of which it is sold, and is not plainly and

conspicuously labelled so as to indicate its true character;

(b) if it is falsely stated to be the product of any place or country;

(c) if it is sold by a name which belongs to another article of food;

(d) if it is so coloured, flavoured or coated, powdered or polished that the fact that the article is damaged is concealed or if the article is made to appear better or of greater value than it really is;

(e) if false claims are made for it upon the label or otherwise;

(f) if, when sold in packages which have been sealed or prepared by or at the instance of the manufacturer or producer and which bear his name and address, the contents of each package are not conspicuously and correctly stated on the outside thereof within the limits of variability prescribed under this Act;

(g) if the package containing it, or the label on the package bears any statement, design or device regarding the ingredients or the substances contained therein, which is false or misleading in any material particular; or if the package is otherwise deceptive with respect to its contents;

(h) if the package containing it or the label on the package bears the name of a fictitious individual or company as the manufacturer or producer of the article;

(i) if it purports to be, or is represented as being, for special dietary uses, unless its label bears such information as may be prescribed concerning its vitamin, mineral, or other dietary properties in order sufficiently to inform its purchaser as to its value for such uses;

(j) if it contains any artificial flavouring, artificial colouring or chemical preservative, without a declaratory label stating that fact, or in contravention of the requirements of this Act or rules made thereunder;

(k) if it is not labelled in accordance with the requirements of this Act or rules made thereunder;

**(B) Section 7. Prohibitions of manufacture, sale, etc. of certain articles of food.**

No person shall himself or by any person on his behalf' manufacture for sale, or store, sell or distribute-

(i) Any adulterated food:
(ii) Any misbranded food.
(iii) Any article of food for the sale of which a licence is prescribed, except in accordance with the conditions or the licence;
(iv) Any article of food the sale of which is for the time being prohibited by the Food (Health) Authority [in the interest of public health;] [* * *]
(v) Any article of food in contravention of any other provision of this Act or of any rule made thereunder, [or]
(vi) Any adulterant.

**Explanation--**For the purposes of this section, a person shall be deemed to store any adulterated food or misbranded food or any article of' food referred to in Cl. (iii) of- Cl. (iu) it he stores such food for the manufacture there from of any article of food for sale.]

**<u>(C) Section 16. Penalties.</u>**

(1) Subject to the provisions of subsection (I -A) it any person, -
(a) Whether by himself or by any other person on his behalf, imports into India or manufactures for sale, or stores, sells or distributes any article of food—
   (i) Which is adulterated within the meaning of sub-clause (m) Of Cl. (i-a) of Sec. 2 or misbranded within the meaning of Cl. (ix) Of that section or the sale of which is prohibited under any provision of this Act or any rule made thereunder or by an order of the Food (Health) Authority;
   (ii) Other than an article of food referred to in sub-clause (i), in contravention of any of the provisions of this Act or of any rule made thereunder ; or
(b) Whether by himself or by any other person on his behalf, imports into India or manufactures for sale, or stores, sells or distributes any adulterant which is not injurious to health; or
(c) Prevents a Food Inspector from taking a sample as authorised by this Act : or
(d) Prevents a Food Inspector from exercising any other power conferred on him by or under this Act : or
(e) Being a manufacturer of an article of food, has in his possession, or in any of- the premises occupied by him, any adulterant which is not injurious to health; or
(f) Uses any report or certificate of a test or analysis made by the Director of the Central Food Laboratory or by a public analyst

or any extent thereof for the purpose of 'advertising any article of food; or

(g) Whether by himself or by any other person on his behalf, gives to the vendor, a false warranty in writing in respect of any article of food sold by him,

he shall, in addition to the penalty to which he may be liable under the provisions of Sec. 6, be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to three years, and with fine which shall not be less than one thousand rupees':

Provided that-

(i) If the offence is under sub-clause (i) of Cl. (a) and is with respect to an article of food, being primary food which is adulterated due to human agency or is with respect to an article of food which is misbranded within the meaning of sub-clause (k) of Cl. (ix) of Sec. 2or

(ii) If the offence is under sub-section (ii) of Cl. (a), but not being an offence with respect to the contravention of any rule made under Cl. (a) or Cl. (g) of sub-section (I-A) of See. 23 or under Cl. (b) of sub-section (2) of See 24,

The Court may, for any adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term which shall not be less than three months but which may extend to two years, and with fine which shall not be less than five hundred rupees:

Provided further that if offence is under sub-clause (ii) of Cl. (a) and is with respect to the contravention of any rule made under Cl. (a) or Cl. (g) of sub-section (I -A) of Sec. 23 or under Cl. (b) of sub-section (2) of Sec. 24, the Court may, for any adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term which may extend to three months and with fine which may extend to five hundred rupees.]

(I-A) If 'any person whether by himself or by any other person on his behalf, imports into India or manufactures for sale, or stores, sells or distributes, -

(i) Any article of food which is adulterated within the meaning of any of sub- clauses (e) to (1) (I-) both inclusive) of Cl. (i-a) of Sec. 2, or

(ii) Any adulterant which is injurious in addition to the penalty to which he may be liable under the provisions of' Sec.6, be punishable with imprisonment for a term

which shall not be less than one year but which may extend to six years and with fine which shall not be less than two thousand rupees :

Provided that if such article of food or adulterant when consumed by any person is likely to cause his death or is likely to cause such harm on his body as would amount to grievous hurt within the meaning of Sec. 320 of the Indian Penal Code (45 of 1860), he shall be punishable with imprisonment for a term which shall not be less than three years but which may extend to term of life and with line which shall not be less than five thousand rupees.]

(i-AA) If any person in whose safe, custody any article of food has been kept under sub-section (4) of Sec. 10, tampers or in any manner interferes with such article, he shall be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to two years and with fine which shall not less than one thousand rupees.]

(l -B) If any Person in whose safe, custody any article of food has been kept under sub- section (4) of 'Sec. IO sells or distributes such article, which is found by the Magistrate before whom it is produced to be adulterated within the meaning of sub-clause (h) of Cl. (i-a) of Sec. 2 and which, when consumed by any person, is likely to cause his death or is likely to cause such harm on his body as would amount to grievous hurt within the meaning of Sec. 320 of the Indian Penal Code (45 of 1860), then, notwithstanding anything contained in sub-section (I -AA), he shall be punishable with imprisonment for a term which shall not be less than three years but which may extend to term of life and with fine which shall not be less than five thousand rupees.]

(I-C) If any person contravenes the provisions of Sec. 14 or Sec. 14-A, he shall be punishable with imprisonment for a term, which may extend to six months and with fine, which shall not be less than five hundred rupees.

(I -D) If any person convicted of an offence under this Act commits a like offence afterwards, then, without prejudice to the provisions of' sub-section (2), the Court, before which the second or subsequent conviction takes place, may order the cancellation of the licence, if any, granted to him under this Act and thereupon such licence shall, notwithstanding anything contained in this Act or

in the rules made thereunder, stand cancelled.

(2) If any person convicted of an offence under this Act commits a like offence afterwards it shall be lawful for the Court before which the second or subsequent conviction takes place to cause the offender's name and place of residence, the offence and the penalty imposed to be published at the offender's expense in such newspapers or in such other manner as the Court may direct. The expenses of such publication shall be deemed to be part of the cost attending the conviction and shall be recoverable in the same manner- as a fine.

**મુદ્દા નં.૧ :–**

***મુદ્દા નં.૧ :*** શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આરોપીએ ગઈ તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ ભેળસેળવાળા ઘીનું ફરીયાદી ને વેચાણ કરી ખોરાક ભેળસેળ નિવારણ ધારાની કલમ ૭ (૧) નો ભંગ કરી કાયદાની કલમ ૧૬ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

***(૯)*** ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવા તથા તે તમામ પુરાવાનું કાયદાકીય મુલ્યાંકન કરવાના તબકકા ઉપર આગળ વધતા પહેલા ફરીયાદપક્ષે જે ગુન્હો થયાનો આક્ષેપ કરેલ છે તે ગુન્હો કરી રીતે સાબીત કરવો પડે તે આવશ્યક તત્વો નોંધવા જરૂરી બને છે.

(૧) આરોપીએ ઘીનું ફરીયાદીને વેચાણ કરેલ.

(૨) સદર ઘી ભેળસેળ વાળું હતું.

**(૧૦) ફરીયાદપક્ષનો પુરાવો :–**

**(એ)** ફરીયાદપક્ષ તરફથી આરોપી દ્વવારા ભેળસેળવાળા ખાદ્ય પદાર્થના વેચાણનો જે આરોપી લગાવેલ તેના સમર્થનમાં ફરીયાદીએ આંક – ૫ થી જુબાની આપી પોતે કરેલ તમામ કાર્યવાહી વિગતવાર વર્ણવેલ છે. સાથે આંક – ૨ તથા આંક – ૬ થી ૨૩ ના પુરાવા રજુ કરેલ છે.

**(બી)** પેરેગ્રાફ નં.૯ મુજબ ફરીયાદપક્ષ ઉપર નીચેની બાબતો સાબીત કરવાનો બોજો છે અને તે અનુસંધાને ફરીયાદપક્ષે તે બાબતો સામે જણાવેલ મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ નં. | સાબીત કરવાની વિગતો | તેના અનુસંધાને રજુ થયેલ પુરાવો. |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને ઘીનું વેચાણ કરેલ છે. | ૧. ફરીયાદી ફુડ ઈન્સ્પેકટરનો આંક–૫ નો પુરાવો.<br>૨. આંક – ૭ નું ઈન્ટીમેશન તથા |

| | | |
|---|---|---|
| | | ૩. આંક – ૮ ની પહોંચ.<br>૪. આંક – ૯ નો કેશમેમો. |
| ૨ | સદર ઘી ભેળસેળ વાળું હતું | ૧. આંક – ૨ નો પબ્લીક એનાલીસ્ટનો રીપોર્ટ. |

## –: કાયદાની જરૂરીયાતના અનુસંધાને પુરાવાનું મુલ્યાંકન :–

**(૧૧) કાયદાકીય જરૂરીયાત :–**

**(એ)** આરોપીને ફરીયાદ દાખલ થયાની જાણ હોવા છતાં તેઓ અદાલતમાં હાજર થઈ ફરીયાદીની ફરીયાદને પડકારેલ નથી કે ફરીયાદી તરફે કાર્યવાહી દરમ્યાન થયેલ કોઈ કાર્યવાહીને પડકારેલ ન હોય આરોપી તરફે ફરીયાદીનો પુરાવો ચેલેન્જ થયેલ જ નથી. તેથી આ તબકકે અદાલતની એ ફરજ થઈ પડે છે કે પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની જે કાયદાકીય જરૂરીયાત છે તે ધ્યાને લેતા આરોપીને જો કોઈ ફરજીયાત કાયદાકીય જોગવાઈનો લાભ રેકર્ડ ઉપરથી મળવા પાત્ર જણાતો હોય તો આપવો. તેથી આરોપીપક્ષે કોઈ બચાવ રેકર્ડ ઉપર ન હોવા છતાં અદાલત તરફથી આ બાબતો નીચેની રીતે ચકાસણી કરવામાં આવેલ છે.

**(બી) નિયમ ૧૪ નું પાલન :–**

ફરીયાદીએ પોતાની આંક–૫ ની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી પાસેથી જે નમુનો લીધેલ તે માટે કોરા સાફ અને સ્વચ્છ સાધનોનો ઉપયોગ કરવામાં આવેલ. વળી નામદાર સર્વોચ્ચ અદાલતના નીચેના ચાર ચાર ચુકાદા એવા છે કે જેમાં માત્ર ફરીયાદીની જુબાનીના આધારે પણ કેસ પુરવાર માની શકાય તેમ પ્રસ્થાપિત કરેલ છે.

1. AIR 1971 SC 1277 "Babulal Hargovindas v. State of Gujarat"
2. AIR 1974 SC 789 "Ram Labhaya v. Municipal Corporation of Delhi"
3. AIR 1977 SC 56 "Prem Ballab v. State (Delhi Admn.)"
4. AIR 1992 SC 1121 "State of U.P. v. Hanif"

વળી નીચેની કાયદાની જોગવાઈઓ તથા ચુકાદામાં એવું જાહેર થયેલ છે કે ફરીયાદી યોગ્ય રીતે અને કાયદેસર કાર્યવાહી કર્યાનું જણાવે છે ત્યારે તેના શબ્દો તમામ હકીકતો સાબીત કરવા પુરતા છે.

1. Kassim Kunju Pookunju v. Ramakrishna Pillai (1969 KLT 50 (SC))
2. 1981 GLR 404 GUJ.H.C. (D.B.) Kamlesh Kumar Babulal Patel V/S State of Gujarat.= 1982 CRI. L. J. 754
3. Evidence Act – S. 114 (e).

આવા સંજોગોમાં નિયમ ૧૪ નું પાલન થયાનું સ્પષ્ટ પુરવાર થાય છે.

**<u>(સી) કલમ ૧૩ (૨) મુજબ રીએનાલીસીસના અધીકારનું હનન :–</u>**

સદર કામે ફરીયાદ તા.૩૧/૩/૨૦૦૯ ના રોજ દાખલ થયેલ છે અને આરોપીને રજીસ્ટર્ડ એ.ડી.થી કલમ ૧૩ (૨) મુજબની નોટિસ તથા પબ્લીક એનાલીસ્ટનો રીપોર્ટ તથા મોકલાવેલ. જે અંગેનું કવર " નોટ નોન " ના શેરા સાથે પરત આવેલ છે. જેનો પુરાવો આંક – ૧૨ થી રજુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના નોટિસ બજવણી બાબતેના 1972 AIR (S.C.) 1705 (F.B.) C.C.Alvi Haji V/S Palapetty Muhommed ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલા સિધ્ધાંત મુજબ તે કાયદેસર બજવણી ગણાય. આરોપી અદાલતમાં હાજર થયેલા નથી. આરોપી ઉપર વારંવાર સમન્સ વોરંટ ઈસ્યુ કરવા છતાં પોલીસ તેને પકડીને અદાલત સમક્ષ રજુ કરી શકેલ નથી. ત્યાર બાદ અદાલતે આરોપી વિરૂધ્ધ વર્તમાનપત્રમાં પણ જાહેરનામું બહાર પાડી હાજર રહેવા સુચના આપી તેઓને ફરારી ઘોષીત કરેલા છે. તેમ છતાં તેઓ હાજર થયેલા નથી. તેથી તેઓના રીએનાલીસીસના કોઈ અધીકારનો ભંગ થયાનું કાયદા મુજબ માની શકાય તેમ નથી.

**(૧૨)** ઉપરોકત રીતે કરેલ ચર્ચા મુજબ હાલના કામે આરોપી સામેનો ગુન્હો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદપક્ષે કશી કચાશ છોડેલ નથી. આમ, ઉપરોકત સંપુર્ણ પણે કરેલ ચર્ચા મુજબ આરોપીએ ફરીયાદીને ઘીનું વેચાણ કરેલ. તે ઘી ભેળસેળવાળું હતું. તેથી આરોપીએ ખોરાક ભેળસેળ નિવારણ અધીનિયમ ૧૯૫૪ ની કલમ ૭ (૧) કે જે કલમ ૧૬ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનું વ્યાજબી શંકાથી પર પુરવાર થતું હોવાનું માનવામાં આવે છે. તે રીતે મુદ્દા નં.૧ નો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**(૧૩)** ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો ભેળસેળવાળા ઘીના વેચાણનો ગુન્હો વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં સફળ થયેલા છે. સદર કેસમાં આરોપી હાજર થયેલા નથી, તેવા સમયે સજાના પ્રમાણ બાબતે આરોપીપક્ષે સાંભળવા જરૂરી રહેતા નથી. ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતના એવા પણ ચુકાદા છે કે ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરવી હોય તો આરોપીપક્ષે સાંભળવો પણ જરૂરી નથી. આ કેસમાં હવે પછીનો જે પ્રશ્ન છે તે આરોપીને કેટલી સજા કરવી તે બાબતનો છે.

**(૧૪)** કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ અદાલત એ બાબતથી માહિતગાર છે કે આ સમાજના તમામ વર્ગને સ્પર્શતો ગુન્હો છે, નામદાર સર્વોચ્ચ અદાલતે આ પ્રકારના ગુન્હાઓ બદલ ગુન્હેગારો સામે કડક હાથે કામ લેવું જોઈએ તેવા ઉચ્ચારણો પોતાના વિવિધ ચુકાદાઓમાં વારંવાર જાહેર કરેલ છે, નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના કેટલાય ચુકાદામાં આ પ્રકારના ગુન્હાને બંધારણના અનુચ્છેદ ૨૧ થી દેશમાં વસતા સમગ્ર પ્રજા જનોને જીવન જીવવાનો જે અધીકાર આપેલ છે તેના ખુલ્લે આમ ભંગ કરતા ગુન્હાઓ ગણાવેલા છે. પરંતુ સદર

અદાલત એ બાબતથી પણ વાકેફ છે કે કાયદામાં ઓછામાં ઓછી સજા ભેળસેળના ગુન્હા માટે છ માસની પ્રસ્થાપિત કરેલ છે. જયારે કોઈ ચોકકસ સંજોગો હોય તો ઓછામાં ઓછી સજા કરી શકાય તેવી પણ કાયદામાં જોગવાઈ છે.

**(૧૫)** તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ક્રિમીનલ અપીલ નં.૨૧૪/૨૦૧૬ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે નવા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટમાં મીસબ્રાન્ડ અને સબસ્ટાન્ડર્ડ ફુડના કેસમાં માત્ર દંડની સજાની જોગવાઈ હોય તે સુધારેલ જોગવાઈનો લાભ જુના કેસના આરોપીઓને પણ આપવો જોઈએ. જુના કાયદામાં એડલ્ટ્રેશન માટે ઓછામાં ઓછી છ માસની સજા અને દંડની જોગવાઈ હતી તેના બદલે નવા કાયદામાં કલમ – ૫૧ મુજબ સબ સ્ટાન્ડર્ડ ફુડ જાહેર થાય તો પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે, જયારે કલમ – ૫૯ મુજબ અનસેફ ફુડ જાહેર થાય તો છ માસની સજા અને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૧૬)** હવે પ્રશ્ન રહે કે કોઈ કેસ કલમ – ૫૧ મુજબ સબસ્ટાન્ડર્ડમાં પડે છે કે કલમ – ૫૯ મુજબ અનસેફમાં પડે છે તે કઈ રીતે નિયત કરવું ? આ સંદર્ભે ગુજરાત સરકારના ફેડ સેફટી વિભાગ દ્વારા તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ એક એક્ષપર્ટ કમીટીની મીટીંગ યોજવામાં આવેલ અને તેમાં નીચે મુજબના ૧૮ ક્રાઈટેરીયા નિયત કરવામાં આવેલ કે ૧–પી.એફ.એ.એકટની કલમ ૨(૧–એ) (એલ) મુજબના કેસો, ૨– નોન પરમીટેડ કોલટાર ડાઈ મળી આવેલ હોય તેવા કેસો, ૩–મેગ્નેશીયમ કાર્બોનેટ મળી આવેલા ગુટકાના કેસો, ૪–મીનરલ ઓઈલની હાજરી મળી આવેલ હોય તેવા કેસો, ૫–જીવજંતુની હાજરી હોય તેવા કેસો, ૬–એલ્યુમીનીયમ ફોઈલ મળી આવેલ હોય, ૭–વંદા, ગરોળી, નરી આંખે દેખાતા જીવડા મળી આવેલા હોય તેવા કેસો, ૮–જંતુનાશક દવાઓ નિયત ધોરણો કરતાં વધુ મળી આવેલ હોય તેવા કેસો, ૯–દિવેલની હાજરી હોય, ૧૦–ફંગસની હાજરી હોય, ૧૧–એરોબીક માઈક્રોબિયલ કાઉન્ટ વધુ હોય, ૧૨–નરી આંખે જોઈ શકાય તેવું સ્પોંજી મટીરીયલ મળી આવેલ હોય, ૧૩–સલ્ફર ડાયોકસાઈડની હાજરી હોય, ૧૪–કેલ્શીયમ કાર્બાઈડની હાજરી હોય, ૧૫–યુરીયાની હાજરી હોય, ૧૬–યુરીક એસીડની હાજરી હોય, ૧૭–ગેમ્બીયરની હાજરી હોય, ૧૮– યીસ્ટ મોલ્ડની હાજરી હોય  તો આવા કેસો અનસેફમાં ગણવા તે સીવાયના તમામ કેસો સબસ્ટાન્ડર્ડ ગણી તેમાં માત્ર દંડ કરીને કેસો પુર્ણ કરવા. સદર મીટીંગની નોટસ તા.૯/૯/૨૦૧૭ ના સ્પેશીયલ સીટીંગના અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટ મારફત આ અદાલત અને ગુજરાતની અન્ય તમામ અદાલતોમાં પહોંચાડવામાં આવેલી. સદર મીટીંગમાં સરકારના ફુડ સેફટી ખાતાના સંયુકત કમીશનર (ખોરાક) તથા નાયબ કમિશ્નર (ખોરાક), ડેઝીગ્નેટેડ ઓફીસર મુખ્ય કચેરી, ફુડ એનાલીસ્ટો વગેરે હતા. આ અદાલતને જે લીસ્ટ  દ્વારા અનસેફ ફુડ ગણવાનો ક્ર ાઈટ્રીયા મળેલ તેને આ અદાલત માં દાખલ થયેલા ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટના કેસોમાં કલમ ૩ (૧) (ઝેડ.ઝેડ) માં અનસફે ફુડની જે વ્યાખ્યા કરવામાં આવેલ અને તેના આધારે રેફરલ ફુડ લેબોરેટરીમાંથી આ અદાલતને અનસેફ ફુડ બાબતેના જે રીપોર્ટ આ અદાલતમા ચાલતા નવા કાયદા તળેના કેસોમાં આવેલ તેનો

અભ્યાસ કરવામાં આવેલ તો આ અદાલતના ધ્યાન ઉપર આવેલ કે ગુજરાત સરકારશ્રીની કહેવાતી એક્ષપર્ટ કમીટી દ્વારા તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ અનસેફ ફુડ અલગ પાડવા માટે જે ક્રાઈટેરીયા નિયત કરવામાં આવેલ તે તદ્દન અધુરો અને યોગ્ય સાયન્ટીફીક અભ્યાસ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટની કલમ ૩ (૧) (ઝેડ.એકસ) માં આપવામાં આવેલી સબસ્ટાન્ડર્ડ અને કલમ ૩ (૧) (ઝેડ.ઝેડ) માં આપવામાં આવેલી અનસેફ ફુડની વ્યાખ્યાના યોગ્ય અભ્યાસ કર્યા વગરનો હતો. કારણ કે ગુજરાત સરકારશ્રીની કહેવાતી એક્ષપર્ટ સમીતીના કેટલાક સભ્યોએ એટલે કે શ્રી આ અદાલતમાં ચાલતા આશરે ૪૫ જેટલા કેસોમાં ઉપરોકત – ૧૮ ક્રાઈટ્રેરીયાથી જુદું પરીણામ આવેલ હોય તેમ છતાં નવા કાયદાની કલમ – ૪૭ મુજબ જે રેફરલ ફુડ લેબોરેટરીનો રીપોર્ટ આખરી ગણાય તેના આધારે અનસેફ ફુડ બાબતે ફરીયાદ દાખલ કરવા પરવાનગી આપેલ છે. તા.૧૫/૭/૨૦૧૭ ના રોજની કહેવાતી એક્ષપર્ટ કમીટીના સભ્યોમાં શ્રી વી.આર.શાહ જે સંયુકત કમિશ્નર (ખોરાક) તથા શ્રીમતી ડી.આર.ચૌહાણ કે જેઓ નાયબ કમીશ્નર તરીકે હતા. તેઓ દ્વારા જ આ અદાલતમાં ફુડ સેફટી એન્ડ સીકયોરીટી એકટ તળેની જે ફરીયાદો દાખલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તે અનુસાર અનસેફની વ્યાખ્યા સાથે ઉપરોકત ક્રાઈટેરીયાને ચકાસવામાં આવે તો ઉપરોકત ક્રાઈટેરીયા તદ્દન વિપરીત રીતે નકકી કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ચાલતા ફોજદારી કેસ નં.૮૩૯૬/૧૨ માં ઘીનો નમુનો લેવાયેલ, જે નમુનો ડાયરેકટરશ્રી, આર.એફ.એલ. ગાઝીયાબાદને ચકાસણી અર્થે મોકલતા તેમાં આર.એમ.વેલ્યુ કાયદા મુજબ ૨૪.૦ હોવી જોઈએ તેના બદલે ૧૯.૮ એટલે કે ૪.૨૦ ઓછી તેમજ બી.આર.રીડીંગ એટ ૪૦ ડીગ્રી સેલ્સીયસ કાયદા મુજબ ૪૦.૦ થી ૪૩.૫ નોન કોટન ટ્રેક એરીયા માટે હોવા જોઈએ તેના બદલે ૪૬.૫૦ એટલે કે ૩.૦ વધારે છે તેથી કાયદાની કલમ ૩ (૧) (ઝેડ.ઝેડ.) વી મુજબ અનસેફ હોવાનો રીપોર્ટ આવેલ. જે અનસેફ ફૂડ તરીકેની ફરીયાદ દાખલ કરવા શ્રીમતી ડી.આર.ચૌહાણ નાયબ કમીશ્નરશ્રી (ખોરાક), ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજયશ્રી દ્વારા જ મંજુરી આપવામાં આવેલ છે.

આમ, ગુજરાત સરકારશ્રીની કહેવાતી એક્ષપર્ટ કમીટી દ્વારા તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ જે અનસેફ ફુડ અલગ પાડવા માટે જે ક્રાઈટેરીયા નિયત કરવામાં આવેલ તે તદ્દન અધુરો અને યોગ્ય સાયન્ટીફીક અભ્યાસ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટની કલમ ૩ (૧) (ઝેડ.એકસ) માં આપવામાં આવેલી સબસ્ટાન્ડર્ડ અને કલમ ૩ (૧) (ઝેડ.ઝેડ) માં આપવામાં આવેલી અનસેફ ફુડની વ્યાખ્યાના યોગ્ય અભ્યાસ કર્યા વગરનો હતો.

**(૧૭)** પરંતુ આ ક્રાઈટ્રેરીયાના આધારે ગુજરાતની તમામ અદાલતોમાં કેટલાય અનસેફ ફુડના કેસોમાં પણ આરોપીને માત્ર નોમીનલ દંડ કરી કેસો પુર્ણ કરી દીધા. હવે પ્રશ્ન આ કેસોનો છે કે જે ધોરણો આવેલ છે તે અનસેફમાં પડે છે તેવું આ અદાલત જાણે છે તેમ છતાં આરોપીને દંડની સજા કરવી કે કેદની સજા ? આ અદાલતના મતે જયારે ગુજરાત સરકારના ફુડ સેફટી વિભાગની કહેવાતી એક્ષપર્ટ કમીટીના કાયદાથી વિપરીત રીપોર્ટના આધારે ગુજરાતની અન્ય અદાલતોમાં આ પ્રકારના કેસોમાં આરોપીઓ નોમીનલ દંડ ભરીને છુટી ગયા

હોય તો આ અદાલત દ્વવારા આરોપીને કેદની સજા કરવી યોગ્ય છે ? શું આ ભારતીય બંધારણથી પરવાનગીપાત્ર છે ? મારા કાયદાના અને ભારતીય બંધારણના અભ્યાસ મુજબ આ બાબત ભારતીય બંધારણના ભંગ સમાન છે. જયારે એક અનસેફ ખાદ્ય પદાર્થના વેચાણ કરનારને જયારે આપણે માત્ર દંડ કરીને છોડી દીધા હોય તો બીજા અનસેફ ખાદ્ય પદાર્થને કાયદાની એ લીબરલ કહો કે હળવો કહો જે વ્યુહ કહો તેનો લાભ મળવા પાત્ર છે. વળી નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના વિવિધ ચુકાદાઓમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ખાસ સંજોગોમાં અદાલત કાદાથી નિયત કરેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા કરી શકવા સક્ષમ છે પરંતુ તેના ખાસ કારણો આપવા જરૂરી છે.

**(૧૮)** હવે પ્રશ્ન રહે કે આરોપીને કેટલો દંડ કરવો ? ઉપર ચર્ચા કર્યા મુજબ આ અદાલત જાણે છે કે આ કેસ અનસેફ ફુડનો છે, નવા કાયદામાં છ માસની સજા અને એક લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે, જયારે જુના કાયદામાં ઓછામાં ઓછી છ માસની કેદની સજા અને દંડની સજાની જોગવાઈ છે. આવા તબકકે આ નિર્ણય ખુબજ જટીલ અને સંવેદનશીલ બની રહે છે. અદાલત એ બાબત જાણે છે કે દરેક વ્યકિતની દંડ ભરવાની કેપેસીટી જુદી જુદી હોય, એક આરોપીને પોસાતો હોય તેટલો દંડ બીજા આરોપીને ભરવાની ત્રેવડ પણ ન હોય, પરંતુ આ અદાલતે ન્યાયનું સમતુલન સાધવાનું છે, આરોપીઓની સ્થિતી જોવા કરતા ગુન્હાની સમાજ ઉપરની અસર, ભોગ બનનારા અને ભોગબનનારના લીધે સમાજને થતું નુકશાન જોવાનું છે. આ પ્રશ્ન ખરેખર ખુબ માનસિક કસરત માંગી લે તેવો છે, કાયદામાં છ માસની સજા છે, જો આરોપીને છ માસ જેલમાં મુકવામાં આવે તો આરોપીને, તેના પરીવારને જે મુશ્કેલી સર્જાય તેનું મુલ્યાંકન નાણાંમાં ન આંકી શકાય તે બાબત પણ સત્ય છે. બીજી તરફ આ કામે ભોગ બનનાર સમગ્ર સમાજ છે, સર્વોચ્ચ અદાલતે પોતાના વિવિધ ચુકાદા દ્વવારા શુધ્ધ ખોરાક મેળવવાના અધીકારને બંધારણના આર્ટીકલ ૨૧ થી મળેલ માનવિય ગૌરવ સાથે જિવન જીવવાના અધીકાર સાથે સાંકળી લીધેલ છે. તથા આર્ટીકલ ૪૭ દ્વવારા રાજય ઉપર પ્રજાના સ્વાસ્થ્યના સંવર્ધનની જે જવાબદારી સોંપવામાં આવેલ છે તેના અનુલક્ષમાં ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ એ ભારતીય બંધારણ દ્વવારા ભારતમાં રહેતા લોકો પછી તે ભારતીય નાગરીક હોય કે ન હોય તેને આપવામાં આવેલ અનુચ્છેદ ૨૧ ની ખાત્રીનું સમર્થન કરતો કાયદો છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ઈશરદાસ વિ. સ્ટેટ ઓફ પંજાબના એ.આઈ.આર. ૧૯૭૨ સુપ્રિમ કોર્ટ ૧૨૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં તથા મ્યુનીસીપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિ. શિવ શંકર ના ૧૯૭૧ (૧) એસ.સી.સી. પાના નં.૪૪૧ ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં તથા દયાલસીંઘ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ના ૨૦૦૪ (૫) એસ.સી.સી. પાના નં.૪૨૧ ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં તથા પ્રેમ બલ્લભ વિ. સ્ટેટ (એડમીનીસ્ટ્રેશન ઓફ દિલ્હી) એ.આઈ.આર. ૧૯૭૭ એસ.સી. ૫૬ ના ચુકાદામાં તથા ક્રિશ્ન ગોપાલ શર્મા વિ. ગર્વમેન્ટ ઓફ એન.સી.ટી. દિલ્હી ૧૯૯૬ (૪) એસ.સી.સી. પાના નં.૫૧૩ ઉપરના ચુકાદામાં તથા મુરલીધર મેઘરાજ લોયા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટના ૧૯૭૬ (૩) એસ.સી.સી. ૬૮૪ ના ચુકાદામાં તથા નામદાર સર્વોચ્ચ અદાલતની કોન્સ્ટીટયુશન બેન્ચે પ્યારઅલી કે. તેજાની વિ. મહાદેવ રામચંદ્ર

ડાંગેના ૧૯૭૪ ક્રિ.લો.જ.૩૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં વિશ્વના કાયદાઓનો અભ્યાસ કરીને જે શબ્દો જાહેર કરવામાં આવેલા છે, વાપરવામાં આવેલા છે, તે એક સામાન્ય માનવીને પણ હચમચાવી મુકે તેવા છે. આ અદાલત જાણે છે કે કાયદાની અદાલતોમાં લાગણીને કોઈ જ સ્થાન નથી, પરંતુ જે તે ચુકાદામાં વપરાયેલા શબ્દો જોવામાં આવે તો તે એક સામાન્ય માનવીના લાગણી ભર્યા શબ્દો નથી પરંતુ કાયદાના સર્વોચ્ચ સિંહાસને બીરાજમાન થયેલા અગણીત, વિરલ, પ્રજાહિતેચ્છુ, વિદ્વવાન, ન્યાયધીશોના આ શબ્દો છે, જે ખરેખર કાયદાના હેતુને સાર્થક કરતા છે તેટલું સમર્થનકારક નિવેદન કરવા પુરતી પણ ક્ષમતા કદાચ આ અદાલતની ન હોય શકે. આવા તબકકે આ અદાલતનું એવું માનવું છે કે દરેક આરોપીઓને જે દંડ કરવામાં આવે તે સમાજમાં દાખલો બેસે તેવો હોય તે આવશ્યક છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ક્રિમીનલ અપીલ નં.૨૧૪/૨૦૧૬ માં તા.૧૭/૩/૧૬ ના રોજ આપવામાં આવેલ ચુકાદો નજર સમક્ષ રાખીએ તો નામદાર સર્વોચ્ચ અદાલતે માત્ર સબસ્ટાન્ડર્ડ ફુડના કેસમાં રૂા.૫૦,૦૦૦/– પચાસ હજાર પુરાનો દંડ કરેલ છે. તે પણ કયારે કે આરોપી નીચેની અદાલતથી છે ક નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ તમામ પ્રકારની માનસિક, શારીરિક અને આર્થિક પરેશાની ભોગવીને ગયેલ હોય તેવા સમયે, જયારે હાલના કેસમાં તો આરોપોઓને ફકત નીચેની અદાલતથી જ રાહત મળી જાય છે, તેને કોઈપણ જાતની વધુ માનસિક, શારીરિક કે આર્થિક મથ્થામણમાંથી પસાર થવાનું જ નથી. તેથી ઉપરોકત તમામ બાબતો તથા સિધ્ધાંતો અને ફુડ સેફટી વિભાગની ભલામણો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવામાં આવેલ સુચનાઓને નજર સમક્ષ રાખતા નીચે મુજબનો આખરી હુકમ ન્યાયીક અને પ્રજાકીય હિતમાં કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) **આરોપી** ધુલસિંહ દોલતસિંહ સિસોદીયા, ઉ.વ.૩૦, રહે. ૨૪, આશિર્વાદ નગર, નિકોલ રોડ, ભારવી ટાવર, અમદાવાદ તથા જય વાળીનાથ દુગ્ધાલય, ૧૦, સદાશિવ શોપીંગ સેન્ટર, વિરાટનગર, ઓઢવ, અમદાવાદવાળાને ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૫૫ (૨) અન્વયે ખોરાક ભેળસેળ નિવારણ ધારાની કલમ – ૭ ની પેટા કલમ (૧) ના ભંગ બદલ કલમ – ૧૬ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**એ.** આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (એક લાખ પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેને ૬ માસ (છ માસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તથા દંડની બાકી રકમ આરોપીની જે કોઈ મિલકત મળી આવે તે તથા જે જગ્યાએથી ભેળેસવાળા ખાદ્ય પદાર્થનું વેચાણ થયેલ છે તે જય વાળીનાથ દુગ્ધાલય, ૧૦, સદાશિવ શોપીંગ સેન્ટર, વિરાટનગર, ઓઢવ, અમદાવાદની જે કોઈ મિલકત મળી આવે તે તમામ મિલકતની જપ્તી કરી તે મિલકત સરકાર ખાલસા કરી રેવન્યુ રાહે દંડની રકમ વસુલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ / ૨૪૬ મુજબ તહોમત/ફરીયાદનો જવાબ આપવા તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૧૩ મુજબ પોતાની વિરૂધ્ધ રજુ થયેલા પુરાવા અન્વયે વિશેષ નિવેદન નોંધવાના સમયે અદાલતમાં હાજર રહેલા ન હોય તેથી તેઓના સજા વોરંટ તાત્કાલીક ઈસ્યુ કરી પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ તથા ડી.આઈ.જી.શ્રી ગાંધીનગરને તાત્કાલીક બજવણી માટે મોકલવું અને પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ તથા ડી.આઈ.જી.શ્રી ગાંધીનગરે સદર વોરંટની બજવણી કરાવડાવી તથા આરોપીની જે કોઈ મિલકત મળી આવે તે તથા જે જગ્યાએથી ભેળેસવાળા ખાદ્ય પદાર્થનું વેચાણ થયેલ છે તે જય વાળીનાથ દુગ્ધાલય, ૧૦, સદાશિવ શોપીંગ સેન્ટર, વિરાટનગર, ઓઢવ, અમદાવાદની જે કોઈ મિલકત મળી આવે તે તમામ મિલકતની જપ્તીની કાર્યવાહી કરાવી દંડની રકમ વસુલ લઈ અદાલતમાં જમા કરાવવી.

(૩) તથા દંડની રકમ રીકવર મિલકતની જપ્તી કરી તે મિલકત સરકાર ખાલસા કરી રેવન્યુ રાહે દંડની રકમની વસુલાતની કાર્યવાહી રેવન્યુ રાહે કરવા રેવન્યુ અધીકારીને પણ તુરંત જાણ કરવી.

(૪) આરોપીના જે કોઈ પાસપોર્ટ હોય તો તે પાસપોર્ટ તુરંત અસરથી બંધ પાડવા પાસપોર્ટ અધીકારીને જાણ કરવી અને તેઓએ પાસપોર્ટ બંધ પાડયાની કાર્યવાહી કર્યા બાદ આ અદાલતને લેખિત જાણ કરવા સુચના આપવી.

(૫) જો લોકલ હેલ્થ ઓથોરીટી પાસે નમુનાના જે ભાગ વપરાયા વગરનો પડેલ હોય તો અપીલ સમય બાદ તેનો નાશ કરવો.

(૬) આરોપીને સદર હુકમની એક નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૬૩(૧) મુજબ નકલ તેઓને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પકડીને રજુ કરવામાં આવે તે સમયે સાબરમતી જેન્ટ્રલ જેલના જેલરશ્રી મારફત પુરી પાડવાની રહેશે. તથા જેલરશ્રીએ સદર નકલ આરોપીને પુરી પાડયા બાબતેની પહોંચ આ અદાલતને પહોંચતી કરવાની રહેશે.

(૭) આ અદાલતના બોર્ડ કલાર્કશ્રીએ ઉપરોકત તમામ વોરંટો ઈસ્યુ કર્યાની એક એક કોપી આ કેસના રેકર્ડમાં તેને આંક પાડીને મુકવાની રહેશે.

આજ તા.૨૨ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૮ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યુ.

તા. ૨૨/૧/૨૦૧૮

સ્થળ – અમદાવાદ

(શિલ્પા મનસુખલાલ કાનાબાર)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૮)
અમદાવાદ. કોડ નં.જીજે૦૦૮૧૪